સ્પેશ્યલ દિવાની મુકદમા નંબર : ૧૫/૨૦૦૨

**ડીસા ના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ ની કોર્ટ મા**

**વાદી**

મોહીનીબેન ઉર્ફે મીનાક્ષીબેન તે શાન્તીલાલ દીપાજી ચૌહાણ (સોની)

ની દિકરી તેમજ છગનલાલ ઉર્ફે શશીકાન્ત મગનલાલ સોની ની પત્ની,

ઉ.વ.આ : ૨૦, ધંધો : ઘરકામ,

રહે : ડીસા, વાડી રોડ, અંબાજી મંદિર ની બાજુ મા,

**વિ.**

**પ્રતિવાદીઓ**

૧. ગુજરાત સરકાર

(સમન્સ : ડીસ્ટ્રીકટ ગર્વમેન્ટ પ્લીડર મારફત બજાવવા)

૨. શ્રી કે.બી.કયાડા

પોલીસ સબ-ઇન્સ્પેકટર, (બનાવ સમયે ડીસા પોલીસ સ્ટેશન ના ચાર્જ મા)

ઉ.વ.આ : પુખ્ત, ધંધો : નોકરી,

હાલ : ડી.એસ.પી ઓફીસ જોરાવર પેલેસ, પાલનપુર., જિ : બનાસકાંઠા.

વાદી તર્ફે વિ.વ.શ્રી : બી.વી.ઠકકર.

પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી : ---

**દાવો : રૂા.૧૭૫૦૦૦/- વસુલ મેળવવા બાબત**

<u>ચુકાદો</u>

**૧.** વાદીએ હાલ નો દાવો બેદરકારીપુર્વક થયેલ પોલીસ ફાયરીંગ મા તેઓને થયેલ ઇજાઓ ના વળતર સબબ ગુજારેલ છે, જે અન્વયે વાદી ના દાવા ની ટુંક વિગત એવી છે કે, વાદી ના દાદા શ્રી દિપાજી સવાજી ચૌહાણ સંવત ૨૦૪૬ ના ભાદરવા વદ-૭ ના રોજ અવસાન પામેલ. આ અવસાન સંબંધે ધાર્મિક તથા સામાજિક વિધી વાદી ના કાકા નટવરલાલ દિપાજી ના વાડી રોડ, અંબાજી માતા ના મંદિર પાસે,ડીસા ના મકાને રાખવામા આવેલી. આ વિધી સંબધે વાદી તથા કુટુંબ ના સભ્યો આ નટવરલાલ દિપાજી ના ઘરે ભેગા થયેલા હતા. ભેગા થયેલા કુટુંબીઓના કપડા ધોઇને ધાબા ઉપર સુકવેલ હતા.

**૨.** તા : ૨૩/૧૦/૧૯૯૦ ના રોજ બિહાર રાજય મા અડવાણીજી ની રથયાત્રા આગળ વધતી અટકાવવા, ધરપકડ ના સમાચાર આવતા, તા : ૨૩/૧૦/૧૯૯૦ ના રોજ ડીસા ના લોકો એ સ્વેચ્છાએ સાંજે ૪:૩૦ થી ૫:૦૦ વાગયા ના સુમારે દુકાનો બંધ કરી દિધેલી અને દુકાનદારો જતા રહેલા. ડીસા મા આ સમયે વાતાવરણ શાંત હતુ.

**૩.** તા : ૨૩/૧૦/૧૯૯૦ ની સાંજે કોઇક કારણસર લેખરાજ ચાર રસ્તા પાસે આવેલ નુરમહંમદી હોટલ મા આગ લાગેલી અને તેનો ધુમાડો આકાશ તરફ ચડેલો, આ વખતે વાદી તથા તેમના માતુશ્રી કમળાબેન ધાબા ઉપર ધોઇને સુકવેલ કપડા લેવા ગયેલા હતા. આકાશ મા ધુમાડો જોઇ કુતુહલવશ વાદી શુ બને છે, તે જોવા કેબીન ના ધાબા ઉપર ચઢેલા અને ધાબા ઉપર ઉભા-ઉભા જોતા હતા, ત્યારે અચાનક બંદુક ની ગોળી આવી વાદી ની છાતી ચીરીને નીકળી ગયેલી.

**૪.** વાદી જે જગ્યાએ ઉભા હતા, તે મકાન, આ નુરમહંમદી હોટલ થી ચાર થી પાંચ હજાર ફુટ કરતા પણ વધારે દુર છે. વાદી જે મકાન ઉપર ઉભા હતા તે મકાન કે તેની આજુ-બાજુ અથવા લેખરાજ ચાર રસ્તા સુધી કોઇપણ જાત નુ કોઇ પણ તોફાન હતુ નહી અને વાતાવરણ શાંત હતુ.

**૫.** પોલીસે ફાયરીંગ કર્યુ તે પહેલા કોઇ ચેતવણી આપેલી નહી,કોઇ ચેતવણી આપેલી નહી, ટીયરગેસ છોડેલો નહી કે બીજી કોઇ કાર્યવાહી કર્યા સિવાય પ્રતિવાદી નં.૨ એ બેદરકારી

અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાશે તેવુ માનવા માટે પુરતા કારણો હોવા છતા ધાબા ઉપર ઉભેલી નિર્દોષ વ્યકિતઓને ઇજા પહોચાડવાના એકમાત્ર હેતુ થી તેમના તરફ હવા મા ત્રાસુ ફાયરીંગ કરેલુ. જે કારણસર વાદી ની છાતી માંથી બંદુક ની ગોળી વાગી નીકળી ગયેલી.

૬. ફાયરીંગ કર્યા પછી અને ફાયરીંગ મા ઇજા થયા નુ જાણવા છતા પ્રતિવાદી નં.૧ એ ઇજા પામનાર ને દવાખાને લઇ જવાની કોઇ કાર્યવાહી કરેલ નહી. પ્રતિવાદી નં.૧ નાઓ ગુજરાત સરકાર ની નોકરી મા હોય, પ્રતિવાદી નં.૨ પણ જવાબદાર છે.

૭. ઇજા પામ્યા બાદ વાદી ને તેના માતાપિતા ડીસા સીવીલ હોસ્પીટલ મા લઇ ગયેલા, જયા વાદી ની જીંદગી જોખમ મા જણાતા, લોહી નો બોલ ચઢાવી, વાદી ને પાલનપુર લઇ જવા જણાવેલ. તે બાદ વાદી ને પાલનપુર સીવીલ હોસ્પીટલ મા દાખલ કરવામા આવેલ, જયા તેઓનુ ઓપરેશન કરવામા આવેલ. થયેલ ઇજાઓના કારણે વાદી ને પીડા સહન કરવી પડેલ, વાદી ને કાયમી ખોડ આવી ગયેલ છે, આ તમામ માટે વાદી રૂા.૧૭૫૫૫૦/- વળતર મેળવવા હકકદાર છે. વાદીએ હાલ નો દાવો કરતા અગાઉ નોટીસ આપેલી, પરંતુ પ્રતિવાદીએ દાવા નો જવાબ કે રકમ આપેલ નથી અને તેથી વાદીએ હાલ નો દાવો ગુજારેલ છે.

૮. પ્રતિવાદી તર્ફે દાવા નો જવાબ આંક.૫૭ થી રજુ થયેલ છે, જે અન્વયે પ્રતિવાદી ની ટુંક વિગત એવી છે કે, પોલીસ ફાયરીંગ મા વાદી ને ઇજા થયેલ હોવાની વિગત ખરી નથી, આક્ષેપાયેલ સ્થળે ટોળા ન હોવાની વિગત ખરી નથી, સી.પી.સી કલમ ૮૦ મુજબ ની નોટીસ આપ્યા ની વિગત ખરી નથી, તા : ૨૩/૧૦/૯૦ ના રોજ બપોર બાદ  અડવાણીજી ની ધરપકડ થયા ના સમાચાર આવતા ભાજપ ના કાર્યકરો તેમજ આગેવાનો અને હિન્દુઓ ના મોટા ટોળા ભેગા થવા લાગેલા અને સુત્રોચ્ચાર કરી ડીસા શહેર બંધ કરાવવા લાગેલા, અને તે દિવસે સમગ્ર ડીસા શહેર મા પથ્થરમારા, આગ લગાડવાના પાંચ બનાવ બનેલ, જે ડીસા સીટી પો.સ્ટે એ ફર્સ્ટ ગુ.ર.નં.૨૯૬/૯૦ થી ૩૦૦/૯૦ સુધી થી નોધાયેલા. નુરમહંમદી હોટલ ને પણ ટોળા એ આગ લગાડેલી, જેનો ગુનો ડીસા સીટી પો.સ્ટે એ ફર્સ્ટ ૨૯૯/૯૦ થી નોધાયેલો. આ ટોળાઓ બેકાબુ બનેલ અને ડીસા શહેર ની સુરક્ષા ભય મા મુકાતા

લાઠીચાર્જ બાદ ના-છુટકે પોલીસ એ હવા મા ફાયરીંગ કરેલ અને ફાયરીંગ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ના હુકમ થી કરવામા આવેલ. વાદી ના કાકા નટવરલાલ ના ઘર ની આજુબાજુ ટોળા એ આતંક ફેલાવેલો હતો, વાદી ને પોલીસ ફાયરીગ મા ઇજા થયેલ હોવાની વિગત ખરી ન હોય, દાવો ના-મંજુર કરવો જોઇએ.

૯. સદરકામે થી મુદદા આંક.૯ થી ઘડવામા આવેલ છે, જે નીચે મુજબ છે.

**Issues**

1. Whether the plaintiffs suit as brought is maintainable against the defendants ?

2. Whether the plaintiff proves that on 23.10.90 in the city Disa one Noor Mohamadi Hotel was kept in fire and smoke was going upwards and at that time, the applicant and her mother Kantaben was on the terrace and on seeing the smoke,the applicant was went to roof of the cabin and watching the smoke. At that time,one bullet ( a cartridge) was collided with the chest of the applicant and she got the severe injury

3. Whether the Plaintiff proves that the fire was done by defendant no.2 without any reason and due to this firing she was injured ?

4. Whether the plaintiff proves that the defendant no.2 had not followed the guidelines prescribed by the Govt. before firing ?

5. Whether the Plaintiff proves that due to illegal act of defendant no.2, she sustained severe injuries on her body and expended huge amount towards the medical treatment as contended in the plaint ?

6. Whether the plaintiff is entitled to Rs.1,75,000/- with interest and costs on the basis of facts averted in the plaint at para 16 ?

7. what order and decree ?

**૧૦.** વાદી તર્ફે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો નીચે મુજબ છે.

**<u>મૌખીક પુરાવો</u>**

આંક.૨૫ : વાદી મોહીનીબેન ઉર્ફે મીનાક્ષીબેન શાંતિલાલ ની જુબાની.

આંક.૫૯ : શાંતીલાલ દિપાજી સોની ની જુબાની

આંક.૬૯ : રાજેશકુમાર અમૃતભાઇ નાઇ ની જુબાની

આંક.૭૦ : વીજયકુમાર ચતુરભાઇ બારોટ ની જુબાની

આંક.૭૨ : ડા. જયેન્દ્ર રતીલાલ મોદી ની જુબાની.

**<u>દસ્તાવેજી પુરાવો.</u>**

આંક.૨૬ : વાદીએ સી.પી.સી.કલમ ૮૦ મુજબ આપેલ નોટીસ.

આંક.૨૭ : પોસ્ટલ સ્લીપ

આંક.૨૮ : રજીસ્ટર પોસ્ટલ એકનોલેજમેન્ટ.

આંક.૨૯ : પોસ્ટલ સ્લીપ.

આંક.૩૦ : રજીસ્ટર પોસ્ટલ એકનોલેજમેન્ટ.

આંક.૩૧ : પોસ્ટલ સ્લીપ

આંક.૩૨ : પોસ્ટલ સ્લીપ.

આંક.૩૩ : સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ને લખેલ પત્ર.

આંક.૩૪ : સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ એ લખેલ પત્ર.

આંક.૩૫ : પોસ્ટલ સ્લીપ

આંક.૩૬ : પોસ્ટલ કવર.

આંક.૩૭ : સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ એ લખેલ પત્ર.

આંક.૩૮ : પોસ્ટલ સ્લીપ

આંક.૩૯ : પોસ્ટલ કવર.

આંક.૪૨ : જયશ્રી મેડીકલ સ્ટોર્સ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૪૩ : રાજેન્દ્ર મેડીકલ સ્ટોર્સ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૪૪ : ગુજરાત મેડીકલ પ્રોવીઝન સ્ટોર્સ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૪૫ : રાજધાની મેડીકલ સ્ટોર્સ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૪૬ : અમી કેમીસ્ટ નુ બીલ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૪૭ : પંચાલ મેડીકલ સ્ટોર્સ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૪૮ : પંચાલ મેડીકલ સ્ટોર્સ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૪૯ : પંચાલ મેડીકલ સ્ટોર્સ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૫૦ : પંચાલ મેડીકલ સ્ટોર્સ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૫૧ : ફાર્માસ્ટીસ એન્ટરપ્રાઇઝ નુ મેડીકલ અંગે નુ બીલ

આંક.૫૨ : ડીસા નગરપાલીકા ની જમીન આકારણી યાદી.

આંક.૫૩ : કે.બી.કયાડા લીવ રિઝર્વ પો.સ.ઇ એ આપેલ ફરિયાદ.

આંક.૫૪ : ફાયરીંગ બાબતે કારતુસ ના ખોખા નુ કરેલ પંચનામુ.

આંક.૭૩ : તબીબી કેસ ના રેકર્ડ ની વૈદ્યકીય નોંધપત્રિકા .

આંક.૭૪ : એકસ-રે

વાદી તર્ફે પુરાવા બંધ ની પુરશીશ આંક.૭૬ થી રજુ થયેલી છે.

કેસ રેકર્ડ મા આંક.૭૪ ના એકસ-રે જણાઇ આવેલ નથી.

**૧૧.** પ્રતિવાદી તર્ફે કોઇ પુરાવો રજુ થયેલ નથી.

**૧૨.** સદરકેસ અત્રે ની અદાલત મા ટ્રાન્સફર થઇ આવ્યા બાદ વાદી તર્ફે કોઇ હાજર રહેલ નથી. વાદી તર્ફે લેખિત દલીલો આંક.૯૯ થી રજુ થયેલી છે. જે અન્વયે તેઓની રજુઆત છે

કે,તેઓએ દાવા ની વિગતો પુરવાર કરેલ હોય, દાવો મંજુર કરવો જોઇએ.

વાદીએ નીચે જણાવેલ ચુકાદાઓ પર આધાર રાખેલ છે.

1. AIR 1968 SC 1413, Gopal Krishnaji Ketkar v. Mohamed Haji Latif.

2.1985(2) GLR 1242, Prakashchandra Kantilal v. Shantilal Rangildas

3. 1986 ACJ 654, Natubhai Anopsing Jadeja v. State of Gujarat.

4. 1994 ACJ 805, Urmilla Pandey v. Khalil Ahmad.

5. 1985 ACJ 717(Raj), Rajasthan State Road Transport Corp. v. Gyan Prakash Bhargava.

6. 1993 ACJ 363(M.P) Madhya Pradesh State Road Trans. Corpn. v. Anjani Chaturvedi.

7. 1991(2) GLH 321, Rukmani Devi v. Om Prakash.

8. 1979 ACJ 264 (Guj), Bharat Premjibhai v. Municipal Corporation

9. 1979 ACJ 58(AP), Kilari Mammi v. Barium Chemicals Ltd.

10. 1982 ACJ 499 (HP), Vidya Devi v. State of Himachal pradesh

11. 1982 ACJ 103 (Guj), Mariyam Jusab v. Hemlata Ratilal.

12. 1983 ACJ 513 (Mad), Venkatachalam v. Sundarambal Ammal.

13. 1985 ACJ 123 (HP), Bhagwant Sarup v. Himalaya Gas Company.

14. 1987 ACJ 788 (P&H), Joginder Singh v. Pushpa Rani.

15. 1996 ACJ 1170 (P&H), Hardeep Singh v. Harbhajan Singh.

16. 2006 ACJ 1644 (Raj), State of Rajasthan v. Shekhu.

17. 1994 ACJ 805, Urmilla Pandey v. Khalil Ahmad.

18.1988 ACJ 585, Guru Govekar v. Filomenfa F Lobo

**૧૩.** સદરકેસ અત્રે ની અદાલત મા ટ્રાન્સફર થઇ આવ્યા બાદ પ્રતિવાદી તર્ફે કોઇ હાજર ન રહેતા, તેઓના દલીલો નો હકક બંધ કરેલ છે.

**૧૪.** રજુ થયેલ પુરાવા ના આધારે ઉપરોકત મુદદાઓના મારા જવાબ નીચે મુજબ છે. જે માટે ના કારણો નીચે જણાવ્યા મુજબ ના છે.

**<u>જવાબ</u>**

(૧) હકાર મા

(૨) હકાર મા

(૩) અંશત હકાર મા

(૪) હકાર મા

(૫) અંશત હકાર મા

(૬) અંશત હકાર મા

(૭) આખરી હુકમ મુજબ

**૧૫. <u>કારણો.</u>**

**<u>મુદદા નં.૧</u>**

વાદીએ હાલ નો દાવો પોલીસ ફાયરીંગ મા તેઓને થયેલ ઇજાઓ બાબતે વળતર મેળવવા સીવીલ પ્રોસીજર કોડ ની કલમ ૮૦ અન્વયે ની નોટીસ આપી, ફાયરીંગ કરનાર પોલીસ સબ-ઇન્સ્પેકટર શ્રી તથા સરકાર શ્રી ને જોડીને ગુજારેલ છે. પ્રતિવાદી તર્ફે "એકટ ઓફ સોવરેન" (act of sovereín) નો બચાવ લેવામા આવેલ હોવાનુ જણાય છે, પરંતુ નામદાર ગુજરાત હાઇકોર્ટ ના C/LPA/473/1996, DECD.UMEDMIYA R RATHOD Versus STATE OF GUJARAT....Respondent(s) ના ચુકાદા નો પૈરા ૨૧ નીચે મુજબ છે.

*Para : 21 ......But the Crown was held immune on doctrine of sovereign immunity. Since the doctrine has become outdated and sovereignty now vests in the people, the State cannot claim any immunity and if a suit is maintainable against the officer personally, then there is no reason to hold that it would not be maintainable against the State.*

ઉપરોકત વિગત તથા ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા સદર દાવા ને કોઇ બાધ નડતો હોવાનુ ફલીત થતુ નથી અને પ્રતિવાદી કોઇ બાધ નડતો હોવાનુ દર્શાવી શકયા નથી, તે સંજોગો મા હાલ ના પ્રકાર ના દાવા ને કોઇ બાધ નડતો હોવાનુ ફલીત થતુ નથી અને તે સંજોગો મા હાલ ના પ્રકાર નો દાવો ચાલી શકે તેમ છે, તેમ હુ માનુ છુ અને તેથી મુદદા નં.૧ નો જવાબ હકાર મા આપવામા આવે છે.

**<u>મુદદા નં.૨</u>**

પ્રતિવાદી નં.૨ નાઓ એ તા : ૨૩/૧૦/૯૦ ના રોજ ના બનાવ સંદર્ભે આંક.૫૩ વાળી ફરિયાદ આપેલી છે, જેમા તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે, નુરમહંમદી હોટલ અને લોજ ને ટોળુ આગ લગાડેલ અને પોલીસ એ આ ટોળા ને વિખેરવા ફાયરીંગ કરેલ.રજુ થયેલ મેડીકલ પેપર્સ મા વાદી એ પોલીસ ફાયરીંગ મા ગોળી વાગેલ હોવાની હિસ્ટ્રી લખાવેલ હોવાનુ ફલીત થાય છે.આંક.૭૨ થી તપાસવામા આવેલ ડાકટર જયેન્દ્ર રતીલાલ મોદી જેઓ એ વાદી ને સારવાર આપેલ છે, તેઓ પણ વાદી ને બુલેટ થી ઇજાઓ થયેલ હોવાનો અભિપ્રાય આપે છે, આ અભિપ્રાય નહી માનવા કોઇ કારણ રજુ થયેલ પુરાવા થી ફલીત થતુ નથી. તે સંજોગો મા વાદી ની જુબાની, ડાકટર ની જુબાની તથા રજુ થયેલ કાગળો થી વાદી ને ફાયરીંગ મા ઇજા થયેલ હોવાનુ પુરવાર થાય છે તેમ હુ માનુ છુ. વાદી તેને ગોળી વાગી ત્યારે મકાન ની અગાસી પર હોવાનુ જણાવે છે,વાદી નો કેસ મેડીકો-લીગલ કેસ છે અને તેથી તેની માહીતી પોલીસ ને પ્રાપ્ત થયેલ હોવી જોઇએ, આવી કોઇ માહીતી પ્રાપ્ત થયેલ નથી નો પ્રતિવાદીઓનો કેસ નથી, પ્રતિવાદીઓએ આ માહીતી આધારે કોઇ તપાસ કરેલ હોય અને તેમા વાદી અન્ય કોઇ સ્થળે ઉભા હોય તેવુ ફલીત

થયેલ હોવાનો પ્રતિવાદીઓનો કેસ નથી. વાદી આક્ષેપાયેલ ગેરકાયદેસર ટોળા નો ભાગ હોવાનુ રજુ થયેલ પુરાવા થી ફલીત થતુ નથી. તે સંજોગો મા વાદી ને નહી માનવા કોઇ કારણ નથી અને તે સંજોગો મા વાદી મકાન ના અગાશી પર હોવાનુ પુરવાર થાય છે તેમ હુ માનુ છુ અને તેથી મુદદા નં.૨ નો જવાબ હકાર મા આપવામા આવે છે.

**<u>મુદદા નં.૩</u>**

આંક.૫૩ થી રજુ થયેલ ફરિયાદ તથા વાદી ના કથનો ધ્યાને લેતા ટોળુ હતુ, નુરમહંમદી હોટલ ને આગ લગાડવામા આવેલી. તે સંજોગો મા પ્રતિવાદી નં.૨ એ કારણ વિના ફાયરીંગ કરેલ હોવાનુ પુરવાર થતુ નથી તેમ હુ માનુ છુ, પરંતુ તે દિવસે અન્ય કોઇ ફાયરીંગ થયેલ હોવાનો કેસ નથી અને રજુ થયેલ પુરાવા આધારે ઇજા પોલીસ ના આ હથિયાર થી થઇ શકે નહી તેવો પ્રતિવાદી નો કેસ નથી અને તેથી મુદદા નં.૩ નો જવાબ અંશત હકાર મા આપવામા આવે છે.

**<u>મુદદા નં.૪</u>**

ફાયરીંગ અંગે ની સરકાર ની માર્ગદર્શિકા રજુ થયેલ નથી અને તેથી તેમા જણાવેલ ગાઇડ લાઇન રેકર્ડ પર નથી, પરંતુ ટોળા પર થયેલ ફાયરીંગ મા, ટોળા મા સામેલ ન હોય તેવા ઇસમ ને ફાયરીગ મા ઇજા થયેલી છે અને કોઇ નિર્દોષ ને ફાયરીંગ મા ઇજા ન થાય તેવી સામાન્ય ફરજ આવા સમયે ફાયરીંગ કરનાર ની હોવાનુ અને તેવી ગાઇડ લાઇન હોવાનુ અનુમાન થઇ શકે તેમ છે, તે સંજોગો મા ગાઇડ લાઇન નુ પાલન ન થયેલ હોવાનુ વાદી પુરવાર કરે છે તેમ હુ માનુ છુ.તેથી મુદદા નં.૪ નો જવાબ હકાર મા આપવામા આવે છે.

**<u>મુદદા નં.૫</u>**

ફાયરીંગ મા વાદી ને ગોળી છાતી ના ભાગે વાગેલ છે અને તે સબબ તેઓ મેડીકલ સારવાર અંદર ના દર્દી તરીકે અમદાવાદ ખાતે ૧૪ દિવસ સારવાર લીધેલ હોવાનુ ડા.જયેન્દ્ર રતીલાલ મોદી ની જુબાની થી પુરવાર થાય છે. વાદી તર્ફે રજુ થયેલ મેડીકલ બીલ રુપિયા ૧૧૯૬/- ના છે અને તેથી વાદી ને મોટો ખર્ચ થયેલ હોવાનુ વાદી પુરવાર કરી શકયા નથી તેમ હુ માનુ છુ.

પ્રતિવાદી નં.૨ નાઓ પોલીસ ફાયરીંગ ટોળુ વિખેરવા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ ના આદેશ

અન્વયે કરેલ હોવાનુ જણાય છે અને તેથી પ્રતિવાદી નં.૨ નાઓ એ કોઇ ગેરકાયદેસર કૃત્ય કરેલ હોવાનુ ફલીત થતુ નથી.

આમ, ઉપરોકત ચર્ચા આધારે મુદદા નં.૫ નો જવાબ અંશત હકાર મા આપવામા આવે છે.

<u>મુદદા નં.૬,૭</u>

વાદીએ તેઓને લોહી ના આઠ બોટલ લોહી ની જરુર પડેલ ની વિગતે તે રુા.૩૧૫૦/- ની માંગણી કરેલી છે. વાદી તર્ફે રુા.૧૧૯૬/- ના મેડીકલ સારવાર ના બીલ રજુ થયેલા છે, પરંતુ તેમા આ લોહી ના બોટલ ના બીલો નો સમાવેશ નથી. ડા.જયેન્દ્ર રતીલાલ મોદી ની જુબાની થી અમદાવાદ ખાતે ઓપરેશન સમયે ત્રણ બોટલ લોહી ની જરુર પડેલ હોવાનુ ફલીત થાય છે (ત્રણ શબ્દ સ્પષ્ટ નથી, પરંતુ તેમ જણાય છે), વાદી ની જુબાની ધ્યાને લેતા તેને ડીસા તથા પાલનપુર પણ લોહી ચઢાવવામા આવેલ, જે વિગત ધ્યાને લેતા વાદી ને ૭ બોટલ લોહી ની જરુર પડેલ તેમ ફલીત થાય છે, વાદી તર્ફે આ અંગે ના બીલ રજુ થયેલ નથી, પરંતુ વાદી ને છાતી ના ભાગે ઇજા હોવાની વિગતે તથા ડાકટર ની જુબાની મુજબ લોહી ની જરુરીયાત પડેલા નથી વિગત અને આવા સમયે મેડીકલ બીલો ગેરવલ્લે થઇ જાય તે સામાન્ય છે, ની વિગતે, લોહી ના બોટલ ના ખર્ચ પેટે રુા.૩૧૫૦/- તથા દવા ના ખર્ચ પેટે રુા.૧૧૯૬/- મળવા જોઇએ તેમ હુ માનુ છુ. વાદી ને સારવાર માટે પાલનપુર, અમદાવાદ જવુ પડેલ છે, જે માટે તેઓએ રુા.૨૪૦૦/- ની માંગણી કરેલી છે. જે રકમ તેઓને મળવા પાત્ર જણાતી હોય તે મંજુર કરવામા આવે છે.

રજુ થયેલ પુરાવા થી વાદી ને કોઇ ડીસ્એબીલીટી રહી તે પુરાવા થી ફલીત થતુ નથી. ડીસ્એબીલીટી ના અભાવે વાદી ને આવક ની કોઇ નુકશાની થયેલ હોવાનુ ફલીત થતુ નથી તેથી તે સંદર્ભે કોઇ રકમ વાદી મેળવવા હકકદાર નથી તેમ હુ માનુ છુ. સદર બનાવ ના કારણે વાદી ને માનસીક તથા શારિરીક ત્રાસ ભોગવવો પડેલ હોવાની વિગત નકારી શકાય નહી અને તે સંજોગો મા આક્ષેપાયેલ બનાવ ના સમય ધ્યાને લેતા વાદી માનસીક તથા શારિરીક ત્રાસ માટે રુા.૧૫૦૦૦/- મેળવવા જોઇએ તેમ હુ માનુ છુ. વાદીએ તેની સારવાર માટે તેના પિતા ને રોકાવવુ પડેલ તે માટે રુા. ૧૦,૦૦૦/- ની માંગણી કરેલી છે, પરંતુ આ માટે કોઇ આધાર રજુ થયેલ ન હોય, બનાવ ના સમય ધ્યાને લેતા વાદી ને આ બાબતે રુા.૨૦૦૦/- આપવા યોગ્ય જણાય છે. પૌષ્ટીક આહાર ના ખર્ચ ની વિગત ધ્યાને

લઇ  વાદી ને રૂા.૨૪૦૦૦/- વ્યાજ સહ મેળવવા હકકદાર છે તેમ હુ માનુ છુ. વાદી મળવાપાત્ર રકમ પર વાર્ષિક ૭ ટકા સાદુ વ્યાજ મેળવવા  ઉપરોકત DECD. UMEDMIYA R RATHOD  Versus STATE OF GUJARAT નો ચુકાદો ધ્યાને લેતા હકકદાર છે તેમ હુ માનુ છુ અને તેથી ઉપરોકત ચર્ચા આધારે  મુદદા  નં.૬ નો જવાબ અંશત હકાર મા આપવામા આવે છે.

વાદી તર્ફે નીચે જણાવેલ ચુકાદાઓ પર આધાર રાખવામા આવેલ છે,

1. AIR 1968 SC 1413, Gopal Krishnaji Ketkar v. Mohamed Haji Latif.

2.1985(2) GLR 1242, Prakashchandra Kantilal v. Shantilal Rangildas

ઉપરોકત બન્ને ચુકાદાઓ અનુક્રમ નં.૧,૨ મા પ્રસ્થાપિત સિધ્ધાંત, પુરાવા ના મુલ્યાંકન સમયે ધ્યાને લીધેલ  હોય, તેની અલગ થી ચર્ચા કરેલ નથી.

3. 1986 ACJ 654, Natubhai Anopsing Jadeja v. State of Gujarat.

4. 1993 ACJ 13, State of H.P. v/s Chaina Ram & anr.

ઉપરોકત બન્ને ચુકાદાઓ અનુક્રમ નં.૩,૪ અને હાલ ના ચુકાદા ના આવક તથા ડીસ્એબીલીટી સંદર્ભે નો ફેર ધ્યાને લેતા સદર ચુકાદો વાદી ને મદદરુપ થતો નથી તેમ હુ માનુ છુ.વાદી ને તેના પિતા એ કરેલ દેખભાળ બદલ ની રકમ ઉપરોકત ચર્ચા આધારે ચુકવેલી છે.

5. 1985 ACJ 717(Raj), Rajasthan State Road Transport Corp. v. Gyan Prakash Bhargava.

8. 1979 ACJ 264 (Guj), Bharat Premjibhai v. Municipal Corporation.

9. 1979 ACJ 58(AP), Kilari Mammi v. Barium Chemicals Ltd.

10. 1982 ACJ 499 (HP), Vidya Devi v. State of Himachal Pradesh.

11. 1982 ACJ 103 (Guj), Mariyam Jusab v. Hemlata Ratilal.

12. 1983 ACJ 513 (Mad), Venkatachalam v. Sundarambal Ammal.

13. 1985 ACJ 123 (HP), Bhagwant Sarup v. Himalaya Gas Company.

14. 1987 ACJ 788 (P&H), Joginder Singh v. Pushpa Rani.

ઉપરોક્ત ચુકાદાઓ અનુક્રમ નં.૫,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪મા પ્રસ્થાપિત સિધ્ધાંત પુરાવા ના મુલ્યાંકન સમયે ધ્યાને લીધેલ હોય, તેની  અલગ થી ચર્ચા કરેલી નથી.

15. 1996 ACJ 1170 (P&H), Hardeep Singh v. Harbhajan Singh.

16. 2006 ACJ 1644 (Raj), State of Rajasthan v. Shekhu.

18.1988 ACJ 585, Guru Govekar v. Filomenfa F Lobo

સદર ચુકાદા ના તથ્યો અને હાલ ના કેસ ના તથ્યો અલગ હોય, સદર ચુકાદો અનુક્રમ નં.૧૫,૧૬,૧૮ વાદી ને મદદરુપ થતા નથી તેમ હુ માનુ છુ.

6. 1993 ACJ 363(M.P) Madhya Pradesh State Road Trans. Corpn. v. Anjani Chaturvedi.

7. 1991(2) GLH 321, Rukmani Devi v. Om Prakash.

17. 1994 ACJ 805, Urmilla Pandey v. Khalil Ahmad.

ઉપરોક્ત ચર્ચા તથા હાલ ના સમય ના સંજોગો ધ્યાને લેતા, વાદીને વ્યાજ ના દર સંદર્ભે સદર ચુકાદો અનુક્રમ નં.૬,૭,૧૭ મદદરુપ થતા નથી તેમ હુ માનુ છુ.

,આમ, ઉપરોક્ત ચર્ચા આધારે  મુદદા નં.૭ નો જવાબ આખરી હુકમ મુજબ આપી, નીચે મુજબ નો આખરી હુકમ કરવામા  આવે છે.

**હુકમ**

વાદી નો દાવો અંશત મંજુર કરવામા આવે છે.

પ્રતિવાદીઓને આથી હુકમ કરવામા આવે છે કે, તેઓએ વાદી ને રૂા.૨૪૦૦૦/- દાવા તારીખ થી વસુલ થતા વાર્ષિક ૭ ટકા ના સાદા વ્યાજે ચુકવી આપવા.

પ્રતિવાદીઓએ દાવા નો ખર્ચ વાદી ને ચુકવી આપવો તથા પોતાનો થયેલ ખર્ચ જાતે ભોગવવો.

વળતર ની ચુકવણી સમયે લેવાપાત્ર કોર્ટ–ફી ની પ્રથમ કપાત કરવી.

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખ   માહે જુલાઇ સન ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલત મા જાહેર કર્યો.

તારીખ : ૩૧/૦૭/૨૦૧૮

સુનીલ પદમાકર રાહતકર

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ડીસા.